# પ્રેસનોટ

## જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ ની સર્વેલન્સ ટીમ

.................................................................................................................................

આજરોજ મહે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંગ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ નીરજ બડગુજર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન એ.એમ.દેસાઇ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.ચૌધરી સાહેબ નાઓની રૂબરૂ આજરોજ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં.૬૯૫૭ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૯૯ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૨૮૦ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા વુ.લોકરક્ષક ગાયત્રીબેન દિનેશભાઇ બ.નં-૧૧૦૬૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે ખાનગી બાતમી હકિકત આધારે પંચોની હાજરીમાં કૃષ્ણ ટાવર દસ માળીયા કૃષ્ણનગર ચાર રસ્તા પાસે એ-બ્લોક પહેલે માળ મ.નં-૧૦૧.મકાન માં નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૩૬૯/૧૯ તા.૦૯/૦૮/૨૦૧૯ આધારે રેઇડ કરી કુલ સાત આરોપીઓ નં-(૧)કુણાલ સ/ઓ અશોકકુમાર જેઠાનંદ જાતે ટેકવાણી ઉ.વ.૨૫ ધંધો-નોકરી રહે,મ.નં-૧૦૧,એ-બ્લોક પહેલે માળ કૃષ્ણ ટાવર સોસાયટી કૃષ્ણનગર ચાર રસ્તા પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર + ૬ = ૭ નાઓની પોતાના આર્થીક ફાયદા સારૂ બહારના માણસોને બોલાવી પોતાના કબજાના મકાનમાં બેસાડી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડી અંગજડતીના નાંણા રૂ.૧૫,૫૨૦/-તથા દાવના નાંણા રૂ.૧,૧૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ રૂ.૧૭,૬૨૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૬ ની કુલ્લે કિ.રૂ.૪૬,૦૦૦/- તથા બે એકટીવા કુલ્લે કિ.રૂ.૪૫,૦૦૦/-મળી કુલ્લે રૂ.૧,૦૮,૬૨૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા આજરોજ તા,૧૧/૦૮/૨૦૧૯ ના ક,૧૮/૦૦ વાગે પકડી અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની કાર્યવાહી કરી ગણના પાત્ર કેશ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા,૧૧/૦૮/૨૦૧૯

(વી.આર.ચૌધરી)<br>
પોલીસ ઇન્સ્પેકટર<br>
કૃષ્ણનગર પોલીસ સ્ટેશન<br>
અમદાવાદ શહેર

Scanned by CamScanner

## ચાંદખેડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

Email- polstn-chandkh-ahd@gujarat.gov.in.

ટેલીફોન નં-૦૭૯-૨૩૨૯૧૨૮૦/૭૫.


# પ્રેસનોટ

ચાંદખેડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ખાતે ગઇ તા-
૧૧/૦૮/૨૦૧૯ ના રોજ કલાક-૦૪/૧૦ વાગે મળી આવેલ એક અસ્થીર મગજની છોકરી નામે
ગાયત્રી મહેન્દ્રભાઇ આહિરે આશેર ઉ.વ.૧૫ ની જેણે શરીરે પીળા કલરનો ડ્રેસ તથા કાળા કલરની
લેગીસ પહેરેલ હોય જે પોતે પોતાનુ એડ્રેસ બતાવી શકતી ન હોય જેને અત્રેના પો.સ્ટે વુ.પો.કો
ની નજર હેઠલ રાખી લઇ પોલીસ ઇન્સપેક્ટર શ્રી બી.કે ગમાર સાહેબની સુચનાથી પો.સ.ઇ શ્રી
કે.આર. પટેલ તથા પો.સ.ઇ કે.એચ.ચૌધરી સાહેબ તથા પો.કો.ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં-
નાઓએ મળી સદરી અસ્થિર મગજની છોકરીની દવા સારવાર કરાવી દિવસ દરમ્યાન અમદાવાદ
શહેર વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમા તપાસ કરી સદરી છોકરીના માતા-કમળાબેન ઉર્ફે દમુ
વા/ઓ સુભાષભાઇ પુડકુભાઇ જાતે-શ્રીવંત (મરાઠી) ઉ.વ.૫૭, રહે-મેલડી પુરાની ચાલી બાપુનગર
ડિ-માર્ટના ખાચાની પાછળ માં શક્તિ એસ્ટેટ. સરસપુર અમદાવાદ શહેર તથા ભાઇ કુણાલ
મહેન્દ્રભાઇ આહિરે ઉ.વ.૧૮ રહે-સદર નાને જાણ કરી અત્રેના પો.સ્ટેશન ખાતે બોલાવી તેઓની
દિકરી ગાયત્રી મહેન્દ્રભાઇ શ્રીવંત (મરાઠી) ઉ.વ.૧૫ નાનીને સહિ સલામત પોતાના માતાને સોપી
ચાંદખેડા પોલીસે નિષ્ઠાપુર્વક પોતાની ફરજ બજાવી માનવતાની નોંધ પાત્ર કામગીરી કરેલ છે.
તા-૧૧/૦૮/૨૦૧૯